## <u>મેઘરજના મે. જયુડી.મેજી.ફ.ક. એ.જી.ડોડીયા સાહેબશ્રીની અદાલતમાં,</u>

## <u>મુ.મેઘરજ, જી.અરવલ્લી</u>

**<u>ફોજદારી કેસ નં.:-૧૩૭૩/૨૦૨૫</u>**

**આંક – ૦૭**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : પ્રવિણભાઈ હિરાભાઈ ફેરા**

**રહે.નવી ઈસરી, તા.મેઘરજ, જી.અરવલ્લી**

**<u>ગુનો :- એમ.વી. એકટ કલમ -૧૮૫ તથા પ્રોહી એકટ કલમ- ૬૬(૧)બી મુજબ</u>**

**-: <u>ચુકાદો</u> :-**

**૧/-** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૦૯/૧૧ /૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે નવાગામ પાસે રોડ ઉપર વગર પાસ પરીમટે દારુ પીધેલી હાલતમાં પોતાના કબજાની મારૂતી સુઝુકી કંપનીની ઈકો ગાડી જેનો રજીસ્ટર નંબર જી.જે.૩૧.એન.૭૨૪૭ ની ચલાવી લાવી મળી આવી પકડાઈ જઈ એમ.વી. એકટની કલમ-૧૮૫ તથા પ્રોહી એકટ કલમ-૬૬(૧)બી મુજબ ગુનો કરેલ હોઈ પોલીસે ફરીયાદ દાખલ કરી તપાસ કરી તપાસના અંતે હાલના ગુનાનું ચાર્જશીટ ઈન્સાફ થવા સારૂ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**૨/-** આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ તેઓ ને સદરહું કેસના પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, **આંક – ૦૫** થી તહોમતનામી **આંક – ૦૬** લાગત આરોપીનુ નિવેદન લેતાં આરોપી ગુનો કબુલ હોવાનું જણાવે છે. તેઓની સામેના આક્ષેપો અં ગે સમજાવતાં, આરોપીએ સ્વેચ્છાએ **આંક – ૧૦** થી ગુના કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જણાવતાં, આરોપીની સ્વૈચ્છિક કબુલાત સ્વીકારવામાં આવી.

આરોપી તર્ફે રજુઆત છે કે તેઓનો પ્રથમ ગુનો છે. કુટુંબનો આધાર તેના ઉપર છે અને દયાની માગણી કરે છે. આમ આરોપીને ગુના કબુલાત તથા કેસના સં જોગો ધ્યાને રાખી, આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આરોપીને **એમ.વી.એકટની કલમ – ૧૮૫ તથા પ્રોહી એકટ કલમ – ૮૫(૧), ૬૬(૧)બી** મુજબના ગુનામાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪ અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા અને **રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદ્દામાલ વાહન મારૂતી સુઝુકી કંપનીની ઈકો ગાડી જેનો રજીસ્ટર નંબર જી.જે.૩૧.એન.૭૨૪૭ ની મુળ માલીકની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે–માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
મુ.મેઘરજ

(શ્રીમતી જીનલ વિશાલ અઢીચા)
જયુડી.મેજી.ફ.ક.મેઘરજ.
જજ કોડ– જી.જે.૦૧૪૦૮
સ્પેશીયલ સીટીં

દંડની રકમ **રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)**
પાવતી નં. થી જમા લીધા.
તા.૧૪/૦૩/૨૦૨૬
મુ.મેઘરજ એ/કા. નાઝીર